GJRJ180001842022

Presented on : 08-03-2022
Registered on : 08-03-2022
Decided on : 08-05-2026
Duration : 4 years, 2 months, 0 days

**IN THE COURT OF JUDGE, LABOUR COURT AT ,MORABI Presided Over by P. R. Suthar**
**RECO33C2 LC/24/2022**

આંક : ૧૭

**અરજદાર** : **ગુજ.ખોડાભાઈ દેવકરણભાઈના વારસદાર દિપકભાઈ ખોડાભાઈ**
સબજેલ સામે,ભંગી હરિજન વાસ ,
મોરબી–૩૬૩૬૪૧

**વિરુધ્ધ**

**સામાવાળા** : **ચીફ ઓફિસરશ્રી,**
મોરબી નગરપાલીકા,નગર પાલીકા
સેવા સદન,મોરબી–૩૬૩૬૪૧

**હાજર રહયા** :– અરજદાર તરફે :–પ્રતિનિધિશ્રી ધીરૂભાઈ મકવાણા
સામાવાળા તરફે:–વિ.વ.શ્રી જી.કે.ભટ્ટ

બાબત :– **ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(સી)(ર) હેઠળ અરજી.**

**:: હુ ક મ ::**

(૧) અરજદારની અરજીની વિગત એવી છે કે, અરજદારના પિતા **ખોડાભાઈ દેવકરણભાઈ** સામાવાળા સંસ્થામાં ઘણા વર્ષોથી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. અને તા.૩૦/૦૬/ર૦૦૮ ના રોજ નિવૃત થયેલા હતા. સંસ્થાના નિયમો મુજબ દર વર્ષ ગણવેશ તરીકે ર જોડી ગણવેશનુ કાપડ તથા સિલાઈ

રોકડમાં આપવામાં આવે છે તેમ નગરપાલિકાના નિયમોમાં જોગવાઈ છે. આ નિયમો મુજબ દરેક કર્મચારીને દર ૫ વર્ષે ગરમ જરસી અથવા ગરમ બંડી અથવા ગરમ કાપડ અને સિલાઈ આપવાની હોય છે. આ નિયમો મુજબ ૧૯૯૫ થી સામાવાળાએ તેમને ગણવેશ કે ગરમ જરસી કે ગરમ કપડા કે સિલાઈની રકમ આપેલ નથી. અગાઉ પણ સામાવાળા ધ્વારા ગણવેશ કે કાપડ કે જરસી આપેલા ન હતા કે રકમ ચુકવેલી ન હતી. તેથી લેબર કોર્ટ માં રીકવરી નં.૧૭/૯૩ થીરીકવરી નં.૧૮૮/૯૩ કરેલ હતી તેમાં કોર્ટે ગણવેશો તથા ગરમ કપડા કે જરસી ની કાયદેસર થતી રકમ ચુકવવા હુકમ કરેલો છે. તેમ જણાવી અરજી સાથે પરિશીષ્ટ મુજબની લેણી રકમ મેળવવા માટે ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ ની કલમ ૩૩(સી–૨) હેઠળ હાલની અરજી લેણી રકમ તથા અરજી ખર્ચ વ્યાજ સહિત વસુલ અપાવવા કરેલ છે, અને પરિશિષ્ટમાં નીચે મુજબની વિગત દર્શાવેલ છે.

**<u>પરિશિષ્ટ</u>**

૧. દર વર્ષે બે જોડી કાપડ સીલાઈ સહિત રૂ.૨૦૦૦/–
સને ૧૯૯૫ થી સને <u>૨૦૦૮</u> સુધીની ગણતરી કરતા કુલ <u>૧૩</u> વર્ષ થાય તેથી <u>૧૩</u>×૨૦૦૦/– <u>રૂા.૨૬,૦૦૦/–</u>

૨. દર ૫ વર્ષે એક જોડી ગરમ કાપડ અથવા ગરમ જરશી રૂા.૧૦૦૦/– લેખે ગણતા સને ૧૯૯૫ થી સને <u>૨૦૦૯</u> સુધીની ગણતરી કરતા કુલ <u>૨</u> જોડી ગરમ કાપડ અથવા ગરમ જરસી ની કિંમત આપવાની થાય જે <u>૨</u> વર્ષ થાય જેથી <u>૨</u>×૧૦૦૦ એટલે <u>રૂા.૨,૦૦૦/–</u>

**<u>કુલ રૂા.૨૮,૦૦૦/–</u>**

(૨) અરજદારની ઉપરોકત અરજીની નોટીસ સામાવાળાને કાયદેસર રીતે બજી જતા તેઓના વિ.વ.શ્રી હાજર થઈ આંક–૩ થી વકીલ પત્ર રજુ કરેલ છે.

પરંતુ આ કામે સામાવાળા સંસ્થા તરફે જવાબ રજુ કરવા માટે વખતો વખત મુદતો રાખવા છતા સામાવાળા સંસ્થા તરફે જવાબ રજુ થયેલ ન હોય અરજદારના પ્રતિનિધિશ્રીની આંક–૪ ની અરજી લગત હુકમ અનુસાર મારા પુરોગામી વિ.ન્યાયધીશશ્રીએ સામાવાળા સંસ્થાનો જવાબ રજુ કરવાનો હક બંધ કરેલ છે.

(૩) આ કામે અરજદારના પુરાવાના તબકકે અરજદાર તરફે નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

આંક–૧૩ અરજદારની સરતપાસનુ સોગંદનામુ,નિશાની ૭/૧ લ ેબર કોર્ટ દવારા રીકવરી કેઈસ નં. ૧૭/૯૩ થી રીકવરી ૧૮૮/૯૩ ના કામે આપેલ ચુકાદો તા. ૨૩/૧/૨૦૦૭ ની નકલ, નિશાની ૭/૨ મોરબી નગરપાલિકા ડ્રેસ અંગેના નિયમો –૧૯૬૬ ની નકલ, આંક–૧૨ થી અરજદાર તરફે પુરાવો પુરો થયા અંગેની કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૪) અરજદાર તરફે ઉપરોકત પુરાવા સ્વરૂપે સરતપાસ સોગંદનામુ રજુ થતા સામાવાળા તરફે ઉલટ તપાસ લેવામાં આવેલ ન હોય સામાવાળાની ઉપસ્થિતિના અભાવે અરજદારની ઉલટ તપાસ કરવાનો હક બંધ કરવા પ્રોસિડીંગ થયેલ છે.

(૫) જયારે સામાવાળા ના પુરાવાના તબકકે પણ મુદતો રાખવા છતા સામાવાળા તરફે કોઈ પુરાવો રજુ થયેલ ન હોય અરજદારના પ્રતિનિધિશ્રીએ સામાવાળાનો પુરવાનો હક બંધ કરવા અંગે આંક–૧૬ થી અરજી રજુ કરેલ તે લગત મારા પુરોગામી વિ.ન્યાચાધીશશ્રીએ કરેલ હુકમ અનુસાર સંસ્થાનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામા આવેલ છે.

(૬) ત્યાર બાદ દલીલના તબકકે અરજદાર તરફે વિ. પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો સાંભળી ,તેમાં મુખ્યત્વે તેઓની અરજી અને રજુ થયેલ પુરાવા

ઉપર આધાર રાખી,અરજદારની માંગણી મુજબની રકમ ઔદ્યોગિક વિવાદ ધારા–૧૯૪૭ ની કલમ ૩૩(સી–૨) હેઠળ,નિશ્ચિત નાણાંકીય મુલ્ય વાળી અને ગણતરી કરી શકાય તેવી કાયદેસરની લેણી રકમ હોય અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.વધુમાં રજુઆત કરેલ છે કે અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર–માલિક કોઈ પણ રીતે અરજીની હકીકત તકરાર નથી. સામાવાળા કોઈ પણ રીતે અરજીની હકીકત પડકારેલ નથી તેથી પણ અરજદારની અરજી મંજુર કરવા વિનંતી છે.

જયારે સામાવાળા તરફે દલીલના તબકકે,પણ સામાવાળા ના રીપોર્ટ રજુઆત અને ઉપસ્થિતિના અભાવે સામાવાળા સંસ્થાની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ કામના નિર્ણયોઅર્થે નીચે મુજબ ના મુદા ઉપસ્થિત થયેલ છે.

૧. શું અરજદાર સાબીત કરેલ છે કે તેઓએ અરજીના પરિશિષ્ટમાં માગેલ રકમ માટે પ્રસ્થાપિત હક ધરાવે છે ?

૨. શુ અરજદાર અરજીમા માગ્યા મુજબની રકમ મેળવવા અંગે સામાવાળા વિરુધ્ધ હુકમ મેળવવા હકદાર છે ?

૩. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં,

૩. આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદાઓના અપાયેલ નિર્ણયો માટેના કારણોની ચર્ચા નીચે મુજબ છે.

(૧૦) **<u>મુદા નંબર–૧</u>**

આ કામે અરજદાર, તેઓની આંક–૧ની અરજી અને તેના સમર્થનમાં રજુ કરેલ સરતપાસના સોગંદનામાની હકીકતો જોતાં અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી નગરપાલિકા ડ્રેસના નિયમો મુજબ દર વર્ષે મળવા પાત્ર થતા ૨ જોડી યુનિફોર્મ અને દર ૫ વર્ષે મળવા પાત્ર થતા ગરમ કાપડ અથવા ગરમ જરશી સામાવાળાએ પુરા પાડેલ ન હોય તેની રકમ વસુલ મેળવવા માટે ઔદ્યોગિક વિવાદ ધારા –૧૯૪૭ કલમ– ૩૩ (સી–૨) મુજબ હાલની અરજી કરેલ છે. સદરહુ અરજીની સામાવાળા સંસ્થાને નોટીસ હોવા છતા આ કામે અરજદારની અરજીની હકીકતનો કોઈ પણ રીતે ઈન્કાર કરેલ નથી. તેથી આ કામે સૌ પ્રથમ ઔદ્યોગિક વિવાદ ધારા– ૧૯૪૭ ની કલમ– ૩૩(સી–૨)ની જોગવાઈ ધ્યાને લઈએ તો,

**કલમ–૩૩(સી). માલિક પાસે લેણી રકમની વસૂલાત :**

(૧) કોઈ પતાવટ અથવા ચુકાદા હેઠળ અથવા પ્રકરણ ૫–ક અથવા પ્રકરણ ૫–ખ ની જોગવાઈઓ હેઠળ કોઈ માલિક પાસે કોઈ કામદારની કઈ રકમ લેણી નીકળતી હોય, ત્યારે તે કામદાર જાતે અથવા તેણે આ માટે લેખિત રીતે અધિકૃત કરેલી કોઈ બીજી વ્યકિત અથવા તે કામદાર મૃત્યુ પામ્યો હોય તો તેની એસાઈની અથવા તેના વારસો, વસૂલાતની બીજી કોઈ પધ્ધતિને બાધ આવ્યા વગર,પોતાની લેણી રકમની વસૂલાત માટે સમુચિત સરકારને અરજી કરી શકશે અને સમુચિત સરકારને ખાતરી થાય કે કોઈ રકમ એ રીતે લેણી છે, તો સરકાર તે રકમ માટેનું પ્રમાણપત્ર કલેકટર જોગ કાઢી આપશે અને કલેકટરે તે રકમ જમીન મહેસૂલ ની બાકી હોય તે રીતે વસૂલ કરવાની કાર્યવાહી કરવી જોઈશે.

પરંતુ એવી દરેક અરજી, જે તારીખે કામદારની રકમ માલિક પાસે લેણી થાય તે તારીખથી એક વર્ષની અંદર કરવી જોઈએ:

વધુમાં, સમુચિત સરકારને ખાતરી થાય કે અરજદારને સદર હુ મુદતની અંદર અરજી ન કરવા માટે પૂરતું કારણ હતું તો એક વર્ષની સદરહુ મુદત પૂરી થાય પછી એવી અરજી સ્વીકારી શકાશે.

(૨) કોઈ કામદાર, માલિક પાસેથી કોઈ રકમ અથવા નાણાંમાં ગણતરી કરી શકાય એવો કોઈ લાભ મેળવવા હકકદાર હોય, ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતાં થતી એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય, સમુચિત સરકાર આ માટે નિર્દિષ્ટ કરે તે મજુર કોર્ટ આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તે નિયમોને આધીન રહીને ત્રણમહીના કરતા વધુ ન હોય તેટલી મુદતની અંદર કરી શકશે.

પરંતુ મજૂર કોર્ટના પ્રમુખ અધિકારી તેમ કરવુ જરૂરી અને ઈષ્ટ ગણે ત્યારે, તે લેખીત કારણોની નોંધ કરીને પોતે યોગ્ય ગણે તેટલી વધુ મુદત સુધી આવી મુદત લંબાવી શકશે.

(૩) .....

(૪) .....

(૫) .....

સદર જોગવાઈ ધ્યાને લેતા, માલિક પાસેથી લેણી નીકળતી કોઈ રકમ અથવા નાણાંમાં ગણતરી કરી શકાય તેવા કોઈ લાભની બાકી રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા પ્રશ્નનો ન્યાય નિર્ણય મજુર અદાલત કરી શકે છે. આ કલમ હેઠળ અરજી કરવા માટે શ્રમયોગીએ તેઓની કોઈ રકમ માલિક પાસેથી બાકી નીકળે છે તેવું અથવા નાણાંમાં ગણતરી કરી શકાય તેવા લાભની રકમ માંગી હોય તો તેવો લાભ મેળવવાનો તેની તરફેણમાં હકક અગાઉથી સ્થાપિત થયેલો છે તેવું દર્શાવવું જરૂરી બને છે.

મતલબ કે આ જોગવાઈ હેઠળ અરજી કરનાર શ્રમયોગીએ માંગેલી રકમ કે લાભ અંગે તેમની તરફેણમાં હકક પ્રસ્થાપિત થયેલો છે તેવું દર્શાવવું જરૂરી બને છે.

(૧૧) હાલના કેઈસમા અરજદાર તેઓની પ્રસ્થાપિત હક પુરવાર કરવા આ કામે અરજદારની અરજીની હકીકત અરજદારે સરતપાસ સોગંદનામાથી જણાવેલ છે તેની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી કે કોઇ દસ્તાવેજી કે મૌખીક પુરાવો રજુ થયેલ નથી જેથી અરજદારની સોગંદ પરની રજુઆત નહી માનવા માટે કોઇ કારણ રહેતુ નથી. કલમ ૩૩(સી)(૨) જોઇએ તો તેમાં સ્પષ્ટ રીતે નાણાંમાં ગણી શકાય તેવા લાભનો સમાવેશ કરવામાં આવેલો છે . સામાવાળા નગરપાલીકાના <u>૭/૨</u>થી રજુ થયેલા ડ્રેસના નિયમોના અધિનયમ–૪ થી પટ્ટાવાળા, પગી, સાથી, ડ્રાઈવર, કલીનર,ગાર્ડન ચોકીઆતોને દર વરસે બે પેન્ટ તથા બે કોટ ખાખી કલરના આપવામાં આવશે. કુંડી સાથી તથા ગાર્ડન સાથીને દર વરસે ખાખી બે પાટલુન તથા બે હાફ શર્ટ આપવામાં આવશે તેમ ઠરાવેલુ છે. નિયમ–પ માં હરિજન કામદારોમાં પુરુષને દર વરસે એક પેન્ટ તથા એક શર્ટ તથા એક ચડ્ડી અને એક હાફ શર્ટ ખાખી કલરના આપવામાં આવશે તથા હરિજન સ્ત્રી કામદારને દર વરસે બે સાડી, બે ચણીયા તથા બે પોલ્કા આપવામાં આવશે તેમ ઠરાવેલુ છે .જયારે નિયમ –૬ થી સેનેટરી ઈન્સપેકટર તથા ટેક્ષ ઈન્સપેકટર તથા ડ્રાઈવર સિવાયના નોકરોને દર પાંચ વરસે એક ગરમ બંડી અગર જરસી આપવાનું ઠરાવવામાં આવેલુ છે. જેથી સુધરાઈના પટાવાળા, પગી, સાથી, ડ્રાઈવર, કલીનર, ગાર્ડન ચોકીઆતને દર વરસે બે પેન્ટ તથા બે કોટ ખાખી કલરના અને કુંડી સાથી તથા ગાર્ડન સાથીને દર વર્ષે ખાખી બે પાટલુન તથા બે હાફ શર્ટ અને દર પાંચ વર્ષે ગરમ બંડી અથવા ગરમ જરસી મેળવવાનો હકક મળે છે .હરીજન પુરુષ કામદારને

સદર નિયમો મુજબ દર વરસે એક પેન્ટ, એક શર્ટ, એક ચડી, એક હાફ શર્ટ જ્યારે દર પાંચ વરસે ગરમ બંડી અથવા જરસી મેળવવાનો હકક મળે છે . હરિજન સ્ત્રી કામદારને દર વરસે બે સાડી, બે ચણીયા, બે પોલ્કા જયારે દર પાંચ વરસે ગરમ બંડી અથવા જર શી મેળવવાનો હકક મળે છે . નિયમ મુજબ સદર લાભ મેળવવાનો હકક અરજદાર કામદારની તરફેણમાં પ્રસ્થાપિત થયેલો છે . સદર લાભની ગણતરી નાણાંમાં થઇ શકે તેમ છે . જેથી સદર લાભ જો સામાવાળા નગરપાલીકા સબંધિત કામદારને ન આપે તો તેની રકમ મેળવવા માટે કામદાર અરજી કરી શકે છે . આ કેસમાં સામાવાળાનો ઈન્કાર કે બચાવ એવો નથી કે અરજદાર તેમના કામદાર ન હતા કે હરિજન કામદાર ન હતા કે અરજદારે જે સમયગાળાની રકમ માંગેલ છે તે સમયગાળા દરમ્યાન કામ જ કરેલ નથી. જેથી અરજદારને પણ સદર નિયમ હેઠળ ડ્રેસ મેળવવાનો હકક મળે છે . સામાવાળા દ્વારા અરજદારને ડ્રેસ આપવામાં આવેલ નથી. ડ્રેસનો લાભ નાણાં ગણી શકાય તેવો હોઇ, અરજદાર ડ્રેસની રકમ મેળવવા માટે હકકદાર બને છે . ડ્રેસની કોઇ રકમ પણ અરજદારને આપેલ ન હોઇ અરજદાર ડ્રેસની રકમ મેળવવા માટે હકકદાર બને છે અને તેથી તેમની અરજી પ્રસ્થાપિત હકક આધારે હોઇ ચાલવા પાત્ર બને છે .જેથી મુદ્દા નં– ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે .

**(૧૨)** આ કામે અરજદારે અરજીમાં ૧૯૯૫ થી તા.<u>૨૦૦૮</u> સુધીના સમયગાળાના દર વરસના ડ્રેસની રકમ એક સરખી ગણી રકમ માંગેલ છે. દર વરસે એક સરખો દર કાપડ અને સિલાઇનો હોય નહી. અરજદારે દરેક વરસમાં કેટલો દર કાપડ અને સિલાઇનો હતો તેની કોઇ સ્પષ્ટ વિગતો આપેલ નથી તેથી તેમણે કરેલ ગણતરી સ્પષ્ટ આધાર પુરાવા આધારે નથી. પણ, તેની સામે સામાવાળાએ પણ તેમની કોઇ ગણતરી તેઓના હિસાબે કેટલી રકમ કયા વરસમાં નિયમ મુજબ મળવાપાત્ર થતા ડ્રેસની થતી હતી, કર્મચારીઓને ડ્રેસના કાપડ આપેલ છે તે માટે કેટલી રકમ દર

વરસે કામદાર દીઠ ખર્ચેલ છે તેની વિગતો જાહેર કરેલ નથી. દરેક વરસમાં દરેક કામદારને ચુકવેલ હતી કે કેટલો ખર્ચ કરી ડ્રેસ કામદારોને આપેલ તેની માહીતી તેમની પાસે સ્વાભાવિક રીતે જ હોવા છતા અને તે તેઓ રજુ કરી શકે તેમ હોવા છતાં રજુ કરેલ નથી. છેલ્લા એક વરસમાં કેટલા દર પ્રમાણે કામદારને ડ્રેસની રકમ આપેલ છે કે કેટલો ખર્ચ કરી ડ્રેસ આપેલ છે તેની માહીતી પણ સામાવાળાએ રજુ કરેલ નથી. અરજદારનો હકક સંસ્થાના નિયમોથી પ્રસ્થાપિત થયેલો છે . વળી, અરજદાર દ્વારા જણાવ્યા મુજબ રીકવરી અરજી નં . ૧૭/૧૯૯૩ થી રીકવરી અરજી નં .૧૮૮/૧૯૯૩માં મજુર અદાલત રાજકોટે તા.<u>૨૩.૦૧.૨૦૦૭</u> ના રોજ આપેલ ચુકાદો વંચાણે લેતા તેમાં પણ કામદારોએ ડ્રેસના નિયમો મુજબ મળવા પાત્ર યુનિફોર્મ આપેલ ન હોવાથી ૧૯૮૨–૮૩ થી ૧૯૯૨–૯૩ ના ૧૦ વરસના ગણવેશની રકમ પ્રતિ વર્ષ રુ. ૬૦૦/– લેખે રુ. ૬૦૦૦/– સામાવાળા પાસેથી વસુલ માંગેલ હતી જે મજુર અદાલતે મંજુર કરેલ હતી. સદર હુકમને સામાવાળા નગરપાલીકાએ ક્યાંય પડકારેલ હોય અને રદ કરાવેલ હોય તેવી તકરાર કે પુરાવો આ કામે રજુ કરેલ નથી. જેથી સામાવાળાએ સદર હુકમને માન્ય રાખેલ છે. સદર હુકમ મુજબ દર વર્ષે રુ.૬૦૦/– ડ્રેસની રકમ ગણેલ છે તેને સામાવાળાએ પડકારેલ ન હોઈ અરજીના સમયગાળાના દર વર્ષે મળવાપાત્ર થતા બે જોડી ડ્રેસની અરજદારે સરેરાશ રુ.૨૦૦૦/– પ્રમાણે ગણેલ રકમ દર વર્ષે વધતી મોંઘવારીને ધ્યાને લેતા વાજબી જણાય છે જેથી તે રકમ વિરુધ્ધ ના પુરાવાના અભાવે ગ્રાહ્ય રાખવાપાત્ર થાય છે . તે જ રીતે દર પાંચ વર્ષે રુ .૧૦૦૦/– ગરમ કાપડ અથવા ગરમ જરસીના માંગેલ છે તે પણ વાજબી જણાય છે . જેથી અરજદાર માંગ્યા મુજબની રકમ <u>રૂ.૨૬,૦૦૦/– તથા રૂ.૨,૦૦૦/– મળી થતી કુલ રકમ</u> રૂ.૨૮,૦૦૦/– (અંકે રૂ. અઠયાવીસ હજાર પુરા) આ કામના સામાવાળા પાસેથી વસુલ મેળવવા હકકદાર બને છે . જેથી મુદ્દા નં–૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે .

(૧૩) અરજદારે વિલંબથી આ અરજી કરેલ છે અને અરજી કર્યા પછી છેક ૨૦૨૬ માં પોતાનો પુરાવો રજુ કરેલ છે તે જોતાં અને સામાવાળા નગરપાલીકા છે તે જોતાં લેણી રકમ પર વ્યાજ અંગે કોઇ હુકમ સામાવાળા વિરુધ્ધ કરવો વ્યાજબી જણાતો નથી. પરંતુ, સામાવાળા નિયત સમયમાં હુકમ મુજબની રકમ ન ચુકવે તો અરજદારને વરસો પછી પણ તેમની કાયદેસરની મળવાપાત્ર રકમ માટે રાહ જોઈ બેસી રહેવુ પડે અને કોર્ટ કાર્યવાહીનો કોઈ અર્થ રહે તેને ધ્યાને લેતાં હુકમની જાણ થયાના દિન–૩૦માં સામાવાળા હુકમ મુજબની રકમ ન ચુકવે તો હુકમ તારીખથી વસુલ થતા સુધીના સમયનું હુકમ મુજબની થતી લેણી રકમ પર સામાવાળાએ ૧૨% લેખે દંડનીય વ્યાજ અરજદારને ચુકવી આપવુ તેવો હુકમ કરવો વ્યાજબી જણાય છે.

(૧૪) સામાવાળા દ્વારા ડ્રેસ ના નિયમો અનુસાર ડ્રેસ મળવા પાત્ર થતો હોવા છતાં તે આપવામાં આવેલ નથી કે ડ્રેસની કોઇ રકમ ચુકવી આપવામાં આવેલ નથી જેથી અરજદારને આ અરજી કરવી પડેલી હોઇ અરજી ખર્ચના રુ .૧૦૦૦/– અરજદારને ચુકવી આપવા સામાવાળા વિરુધ્ધ હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયી ગણાશે.

**:: આખરી હુકમ ::**

૧. અરજદારની ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ ૩૩ (સી–૨) અન્વયેની હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આથી આ કામના સામાવાળાને હુકમ કરવામા આવે છે કે, આ કામના અરજદારને તેમના પિતાશ્રીના સને ૧૯૯૫ થી સને ૨૦૦૮ સુધીના સમયગાળાના દર વર્ષે બે જોડી કાપડ સિલાઈ સહિતના રકમ રૂા. ૨૬,૦૦૦/– અને, દર પાંચ વર્ષે એક ગરમ કાપડ અથવા ગરમ જરસીની

રકમ રૂ.૨,૦૦૦/- મળી કુલ લેણી નીકળતી રકમ રૂ.૨૮,૦૦૦/- (અંકે રૂ. અઠયાવીસ હજાર પુરા) આ હુકમની જાણ થયાના દિન-૩૦ મા ચુકવી આપવા.

૩. આ અરજીના ખર્ચ પેટે રૂા. ૧૦૦૦/- (અંકે રૂા. એક હજાર પુરા) અરજદારને અલગથી ચુકવી આપવાનો પણ આથી સામાવાળાને હુકમ કરવામાં આવે છે.

૪. સામાવાળા નિયત સમયમાં અરજદારને આ હુકમ મુજબની રકમ ચુકવવામા કસુર કરે તો, હુકમ તારીખથી વસુલ થતા સુધીનુ ૧૨ % લેખે સાદુ વ્યાજ અરજદારને ચુકવી આપવા સામાવાળા વિરુધ્ધ હુકમ કરવામાં આવે છે.

**આજરોજ હુકમ <u>તારીખ</u> : ૮ મી <u>માહે</u> : મે, <u>સને</u> : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

સ્થળ : <u>મોરબી.</u>

તારીખ : <u>૦૮/ ૦૫ /૨૦૨૬</u>

VDJ

**( પી. આર. સુથાર)**
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત નંબર-૨, રાજકોટ.
GJ01026